# શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા

**નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર**

**મો. 88499 01020 Email id: nabbhavnagar2@gmail.com**


**તા.૧૫/૦૩/૨૦૨૬**

**પ્રતિ,**
**સંચાલકશ્રી/આચાર્યશ્રી/કોર્ડિનેટરશ્રી**
**સ્નેહીશ્રી**

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાનાં સંયુક્ત ઉપક્રમે સંવેદના સોસાયટી ધરાવતી શાળા કોલેજોમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સંવેદના પર્વની ઉજવણી કરવા અંગે :-

ભાવનગર અને બોટાદ જિલ્લાને દિવ્યાંગ વ્યક્તિઓના પુનઃસ્થાપન ક્ષેત્રે દેશના આદર્શ જિલ્લા બનાવવા શાળા-કૉલેજમાં સંવેદના સોસાયટી રચવાનું અભિયાન વર્ષ ૨૦૧૯ થી શરુ કરવામાં આવ્યું છે. આ પ્રવૃતિઓને વધુ વેગવંતી બનાવવા તેમજ સંવેદના સોસાયટીનો વ્યાપ અને વિસ્તાર વધારવા રજીસ્ટર થયેલ ભાવનગર અને બોટાદ જિલ્લાની ૧૬૦૦ થી વધુ શાળા-કોલેજોમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ એટલે કે, (૧૫ માર્ચ ૨૦૨૬ થી ૧૫ માર્ચ ૨૦૨૭ સુધી) સંવેદના પર્વની ઉજવણી કરવામાં આવશે.

દીવ્યાંગોના 'ગાંધીજી' તરીકે ઓળખાતા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના જનરલ સેક્રેટરી શ્રી લાભુભાઈ સોનાણી દિવ્યાંગ વ્યક્તિઓના ચાલતા સેવાકીય યજ્ઞમાં વર્ષ ૧૯૯૨થી પોતાની સેવા પ્રદાન કરી રહ્યા છે. દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણ, રોજગાર અને પુન: સ્થાપનના કાર્યને વેગ આપવા ઉપરોક્ત બંને જિલ્લાની શાળા- કોલેજોમાં સંવેદના સોસાયટીની ભાગીદારી વધે તેવા ઉમદા હેતુથી ૫૯ વર્ષ પૂર્ણ કરી ૬૦માં વર્ષમાં પ્રવેશ કરી રહેલા શ્રી લાભુભાઈ સોનાણીની 'ષષ્ટિ પૂર્તિ' ના પાવન પ્રસંગે આ સંસ્થાઓ દ્વારા સામાન્ય વિધાર્થીઓમાં દિવ્યાંગતા પ્રત્યે સંવેદનાનું વિચાર બીજ રોપવા શાળા-કૉલેજ કક્ષાએ નિબંધ,વકતૃત્વ, ચિત્ર કલા અને પોસ્ટર મેકિંગ તેમજ એક પાત્રીય અભિનય કુલ ચાર સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે તેનું માળખું નીચે મુજબ છે.

**'સંવેદના પર્વ' અંતર્ગત યોજાનાર દરેક સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને હાર્દિક શુભકામનાઓ ....**
**- ડૉ.મનીષ કુમાર બંસલ (જિલ્લા કલેક્ટરશ્રી ભાવનગર)**

## આયોજનનું માળખું:

૧) શાળા/કૉલેજ કક્ષાએ આચાર્યશ્રીના માર્ગદર્શન નીચે રચાયેલ સમિતિ દ્વારા સ્પર્ધાઓનું આયોજન જે તે સંસ્થા પોતાના સ્તરે જે તે વિભાગ પ્રમાણે કરશે. આચાર્ય દ્વારા નિમાયેલ સમિતિ આયોજન પૂર્ણ કરી ચારેય સ્પર્ધા વાઈઝ ભાગ લેનાર તમામ સ્પર્ધકોનાં પુરા નામની યાદી, વિજેતા સ્પર્ધકનો ક્રમ અને પૂરું નામ, શાળા-કૉલેજનું પુરુનામ, સરનામું, આચાર્યશ્રીનું નામ-મોબાઈલ નંબર, કન્વીનરનું નામ-મોબાઈલ નંબર જેવી વિગતો વોટ્સઅપ ગ્રુપ દ્વારા મુકવામાં આવનાર ગુગલ શીટ પર માહિતી ભરવાની રહેશે. ગુગલ શીટ માટે આપ સંસ્થાનાં વ્હોટસએપ નંબર **88499 01020** પર મેસેજ કરી લીંક મેળવી શકો છો.

એકથી ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિજેતાઓને તાલુકા કક્ષાએ મોકલવાના રહેશે તેનું આયોજન જે તે તાલુકા કક્ષાએ નિમાયેલ સમિતિ અથવા સંવેદના પર્વની જિલ્લા સમિતિ દ્વારા કરવામાં આવશે. શાળા કક્ષાએ વિજેતા થનાર વિધાર્થીઓને તાલુકા કક્ષાની સ્પર્ધામાં પુરસ્કાર આપવામાં આવશે અને તેઓ જિલ્લા કક્ષાનું પ્રતિનિધિત્વ કરશે. શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળાના પટાંગણમા જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

૨) આ સ્પર્ધાઓ જુદા જુદા ત્રણ વિભાગમાં યોજાશે. જેમાં ધો. ૬ થી ૮ ( પ્રાથમિક વિભાગ ) ધો.૯ થી ૧૨ ( હાઇસ્કૂલ વિભાગ ) અને કૉલેજ કક્ષાએ (એફ.વાય થી અનુસ્નાતક સુધી) કરવામાં આવશે.

3) ત્રણેય વિભાગ માટે નીચે જણાવેલા વિષયો કોમન રહેશે.

૪) નિર્ણાયકનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૫) શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરનારને તાલુકા કક્ષાએ ભાગ લેવાનો રહેશે. તાલુકા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરનારને જિલ્લા કક્ષાએ ભાગ લેવાનો રહેશે. ( અનિવાર્ય કારણોસર કોઈ સ્પર્ધક હાજર રહી શકે તેમ ન હોય તો તેમણે અગાઉથી સ્પર્ધાના સંયોજકને જાણ કરવાની રહેશે.)

## સ્પર્ધા - નિયમો અને વિષયો :

### ૧. નિબંધ સ્પર્ધા :-

**નિયમ- ૧** આ સ્પર્ધામાં એટલે કે, નિબંધ લેખનમાં પ્રાથમિક વિભાગના સ્પર્ધક માટે નિબંધ લેખનની શબ્દમર્યાદા ૨૦૦ શબ્દની રહેશે અને તેની સમયમર્યાદા ૬૦ મીનીટની રહેશે.

**નિયમ- ૨** હાઇસ્કૂલ વિભાગના સ્પર્ધક માટે શબ્દ મર્યાદા ૨૫૦ શબ્દોની રહેશે જયારે સમયમર્યાદા ૬૦ મીનીટની રહેશે.

**<u>નિયમ- 3</u>** કૉલેજ વિભાગના સ્પર્ધકો માટે શબ્દ મર્યાદા ૩૦૦ શબ્દની રહેશે જ્યારે સમયમર્યાદા ૬૦ મીનીટની રહેશે.

**<u>નિયમ- ૪</u>** આ સ્પર્ધામાં તમામ સ્પર્ધકને જુદા જુદા માપદંડથી માપવામાં આવશે. જેમાં વિષયવસ્તુ પરનો ભાર ( ૨૦ માર્ક્સ), અક્ષર સુઘડતા ( ૨૦ માર્ક્સ ), ભાષા શુધ્ધતા (૨૦ માર્ક્સ), વ્યાકરણ શુદ્ધિ (૨૦ માર્ક્સ) અને સર્વાંગી મૂલ્યાંકન (૨૦ માર્ક્સ), કુલ ૧૦૦ માર્કસનું મૂલ્યાંકન પત્ર હશે.

**<u>- : નિબંધના વિષયો</u> :-**

**(૧) ગ્રામ્ય જીવનનું મૂલ્ય**

**(૨) આંખ એક અમૂલ્ય ઇન્દ્રિય**

**(૩) મારું પ્રેરક પાત્ર**

**(૪) સંઘર્ષ થી સફળતા સુધીની શ્રી લાભુભાઈ સોનાણીની કર્મયાત્રા અને તેના પ્રેરક પ્રસંગો ( શ્રી લાભુભાઈ સોનાણી લિખિત ' જીવનનો ધબકાર ' બૂક તથા સોશિયલ મિડિયા પર આ વિષયનું સાહિત્ય મળી રહેશે.)**

**(૫) ટેકનોલોજી અને દિવ્યાંગતા**

**(૬) નવ જાગૃતિના વાહક: ભારતની સામાજીક સંસ્થાઓનો ફાળો**

**<u>૨) વકતૃત્વ સ્પર્ધા :-</u>**

**<u>નિયમ- ૧</u>** આ સ્પર્ધા એટલે કે, વકતૃત્વ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગના સ્પર્ધક માટે સમયમર્યાદા – <u>4 મીનીટ</u> રહેશે. હાઇસ્કૂલ વિભાગનાં સ્પર્ધક માટે સમય મર્યાદા- <u>૫ મીનીટ</u> રહેશે અને કૉલેજ કક્ષાના વિધાર્થીઓ માટે સમયમર્યાદા- <u>૬ મીનીટ</u> રહેશે.

**<u>નિયમ- ૨</u>** આ સ્પર્ધામાં તમામ સ્પર્ધકને જુદા જુદા પાંચ માપદંડથી માપવામાં આવશે. જેમાં વિષયનું ઊંડાણ (૨૦ માર્ક્સ), વાક્યાતુર્યતા (૨૦ માર્ક્સ), સંદર્ભતા (૨૦ માર્ક્સ), હાવ-ભાવ (૨૦ માર્ક્સ), સર્વાંગી મૂલ્યાંકન (૨૦ માર્ક્સ) કુલ- ૧૦૦ માર્કસનું મૂલ્યાંકન પત્ર હશે.

**<u>- : વકતૃત્વના વિષયો</u> :-**

**(૧) દિવ્યાંગતા : એક મર્યાદા નહીં એક નવી ઓળખ**

**(૨) અંતરની આંખે વિશ્વદર્શન**

**(૩) ' સેવાહિ પરમો ધર્મ ' સૂત્રની ચરીતાર્થતા એટલે જ લાભુભાઈ સોનાણી (શ્રી લાભુભાઈ સોનાણી લિખિત ' જીવનનો ધબકાર ' બૂક તથા સોશિયલ મિડિયા પર આ વિષયનું સાહિત્ય મળી રહેશે. )**

**(4) સંવેદના સોસાયટી સમાજને જોડતી કડી**
**(૫) બાળ કેળવણીમાં નવતર પ્રયોગો અને તેની સફળતા**
**(૬) દિવ્યાંગતા ક્ષેત્રે ભાવનગર/ બોટાદને આદર્શ જીલ્લો બનાવવા ચાલતા અભિયાનમાં મારું યોગદાન**

## 3) ચિત્ર કલા અને પોસ્ટર મેકિંગ

**નિયમ -૧** આ સ્પર્ધામાં દરેક વિભાગના તમામ સ્પર્ધકો માટે – ૧૨૦ મીનીટનો સમય આપવામાં આવશે. (ડ્રોઈંગ શીટની સાઈઝ ૧૧ × ૧૫ ની રહેશે.) (A3 પેપર સાઈઝ)

**નિયમ- ૨** ચિત્રકલા અને પોસ્ટરમેકિંગ સ્પર્ધામાં પ્રથમ તબક્કાની એટલે કે, પ્રાથમિક- હાઇસ્કૂલ અને કૉલેજ કક્ષાની પ્રથમ તબક્કાની સ્પર્ધામાં સ્પર્ધકે આ સ્પર્ધાને લગતી તમામ કાગળ- કલર સામગ્રી સ્વખર્ચે લાવવાની રહેશે. જયારે તાલુકાકક્ષાએ અને જિલ્લાકક્ષાએ આવનાર સ્પર્ધકોને 'સંવેદના સોસાયટી' દ્વારા જરૂરી સામગ્રી પુરી પાડવામાં આવશે.

**નિયમ- 3** આ સ્પર્ધામાં સ્પર્ધકને જુદા જુદા પાંચ માપદંડથી માપવામાં આવશે.
જેમાં વિષયની અનુરૂપતા મુજબનું ચિત્ર (૨૦ માર્ક્સ), કલર-કોમ્બીનેશન (૨૦ માર્ક્સ), સ્વચ્છતા (૨૦ માર્ક્સ), કંપોઝીશન (૨૦ માર્ક્સ), યુનિક નેસ (૨૦ માર્ક્સ) આમ કુલ- ૧૦૦ માર્કસમાંથી સ્પર્ધકનું મૂલ્યાંકન કરવામાં આવશે.

### - : ચિત્ર કલા અને પોસ્ટર મેકિંગના વિષયો :-

**૧) અંધકારમાં પ્રકાશની આશા**
**૨) સમધારણ શાળામાં ભણતા દિવ્યાંગ બાળકોના ચાલો બનીએ મિત્ર**
**3) સેવાની સાઈઠ વર્ષની મહેક- શ્રી લાભુભાઈ સોનાણી ('ષષ્ટિ પૂર્તિ')**
**૪) શિક્ષણનો અધિકાર બ્રેઇલ લીપીમાં વાંચતું બાળક અથવા સાઈન લેગ્ન્વેજ દ્વારા વાતું કરતા બાળકો**

## ૪) એકપાત્રિય અભિનય :-

**નિયમ- ૧** આ સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગ માટે ૫ મીનીટ તેમજ કૉલેજ કક્ષાના સ્પર્ધક માટે- ૭ મીનીટ અભિનય માટેનો સમય આપવામાં આવશે.

**નિયમ- ૨** એક પાત્રિય અભિનયમાં કોઇ ચોક્કસ પાત્રનો અભિનય કરવો પરંતુ બહુપાત્રિય

અભિનય ન થઇ જાય તેની કાળજી રાખવી.

**નિયમ- ૩** પાત્રનો અભિનય વાચિક અને આંગિક રીતે કલાકારે કરવાનો રહેશે. વેશાભુષાની કે, અન્ય કોઈ સહાયક સંસાધનોની આવશ્યકતા નથી. સ્પર્ધકે પોતાની વાચિક અને આંગિક શક્તિ દર્શાવવાની રહેશે.

**નિયમ- ૪** આ સ્પર્ધાને જુદા જુદા પાંચ માપદંડથી માપવામાં આવશે. જેમાં વિષયને અનુરૂપ અભિનય ક્ષમતા (૨૦ માર્ક્સ), સંવાદોનો આરોહ અવરોહ (૨૦ માર્ક્સ), શબ્દ પરની પકડ (૨૦ માર્ક્સ), હાવ-ભાવ (૨૦ માર્ક્સ) અને સર્વાંગી મૂલ્યાંકન (૨૦ માર્ક્સ) કુલ- ૧૦૦ માર્ક્સમાંથી સ્પર્ધકનું મૂલ્યાંકન કરવામાં આવશે.

**- : એકપાત્રિય અભિનય સ્પર્ધાના વિષયો :-**

**૧) નેતા તરીકે દીવ્યાંગો માટે નિયમો અને નીતિઓનું અમલીકરણ**

**૨) ઉચ્ચ અધિકારી તરીકે દિવ્યાંગ વ્યક્તિ પણ સમાજ નું અભિન્ન અંગ છે તેને હું તેના અધિકારો આપીશ. હક અને હકદાઈ તેનો અધિકાર છે.**

**૩) ડોક્ટર તરીકે એમાં દિવ્યાંગની સારવાર મારી પ્રાથમિકતા. દિવ્યાંગ પણ સામાન્ય વ્યક્તિની જેવું જીવન જીવી સમાજને નવો રાહ બતાવી શકે છે.**

આ રીતે કોઈપણ ઉદાહરણ પર વિધાર્થી અભિનય કરી શકે છે. જેમ કે, એક શિક્ષક, સિવિલ અન્જિનિયર, સોફ્ટવેર એન્જીનીયર, સરપંચ, નગરપાલિકાના પ્રમુખ કે મેયર, પત્રકાર.

પરંતુ તેની થીમ દીવ્યાંગો પ્રત્યે સંવેદના બતાવવાની હોવી જોઈએ.

**શાળા કક્ષાએ યોજાનાર સ્પર્ધાઓ માટે મૂલ્યાંકન પધ્ધતિ :-**

દરેક શાળાના આચાર્ય એક સમિતિની નિમણુંક કરશે. જે આયોજન અને સ્પર્ધાનું સંચાલન કરશે. ભાગ લેનાર સ્પર્ધકોનું મુલ્યાંકન કરી ૧ થી ૩ નંબર નક્કી કરશે.

**નોંધ:-** સ્પર્ધાના વિજેતા સ્પર્ધકોને તાલુકા કક્ષાએ બોલાવવામાં આવશે અને તાલુકા કક્ષાએ વિજેતા થનાર ૩ સ્પર્ધકોને જિલ્લા કક્ષાએ આમંત્રિત કરવામાં આવશે.

શાળા કક્ષાના વિજેતા સ્પર્ધકોને તાલુકા કક્ષાએ પુરસ્કારો આપવામાં આવશે તેમજ તાલુકા કક્ષાએ વિજેતા થનાર સ્પર્ધકોને પણ તાલુકા કક્ષાએ યોજાનાર સમારંભમાં પુરસ્કાર આપવામાં આવશે. તાલુકા કક્ષાની સ્પર્ધા જે તે તાલુકા કક્ષાએ યોજાશે પરંતુ જિલ્લા કક્ષાએ સ્પર્ધાનું આયોજન શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા, ભાવનગર ખાતે યોજાશે.

શાળા કક્ષાએ યોજાનાર સ્પર્ધા ૩૧ જુલાઈ-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

તાલુકા કક્ષાએ યોજાનાર સ્પર્ધાઓ સંસ્થા નક્કી કરે તે સ્થળે ડીસેમ્બર ૩૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ યોજાનાર સ્પર્ધાઓ સંભવિત ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

મુખ્ય સમારંભ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા ખાતે ૧૫ માર્ચ-૨૦૨૭ નાં રોજ યોજવામાં આવશે.

**જે શાળા કોલેજોએ સંવેદના સોસાયટીમાં નોંધણી કરાવેલ ન હોય તેમના માટે માર્ગદર્શક સૂચનાઓ...**

સંવેદના સોસાયટીનું રજીસ્ટ્રેશન પોર્ટલ **https://www.ltsonani.com/** પર તૈયાર કરવામાં આવ્યું છે. શાળા-કોલેજો તેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન, નિયુક્ત કરેલ સભ્યોમાં ફેરફાર વગેરે **https://www.ltsonani.com/samvedna-society.php** (SAMVEDNA SOCIETY) સેક્શન પર જઈ અપડેટ અને રજીસ્ટ્રેશન કરી શકશે.

**વધુ માહિતી માટે કોન્ટેક્ટ :**
**ડૉ. મહેશકુમાર દાફડા ( પ્રોગ્રામ ઓફિસર,સંવેદના સોસાયટી)**
**મો. ૯૪૨૬૯ ૬૬૬૫૩**

**ચેરમેન**
**બાબુભાઈ એસ.ગોહિલ**